**પ્રશ્નો :** (1) ઉચ્ચતમ માનવવિકાસ આંક ધરાવતો પ્રથમ ક્રમાંકનો દેશ કયો છે ?
(2) ભારત ક્યા માનવવિકાસ આંક ધરાવતાં દેશોનાં સમૂહમાં સમાવિષ્ટ થાય છે ?
(3) ઉચ્ચ માનવ વિકાસ માટેનો HDI કયો છે ?

(46) મહિલા સમાનતા અંગે ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ વિશે લખો.

## વિભાગ D

- **નીચે આપેલા 47 થી 53 પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો અને પ્રશ્ન-54 નકશો ફરજિયાત છે. (દરેકના 4 ગુણ) 20**

(47) ખગોળશાસ્ત્ર અને જયોતિષશાસ્ત્રવિશે સવિસ્તાર ઉત્તર લખો.
(48) કૃષિ ક્ષેત્રે થયેલાં ટેકનિકલ સુધારા વિશે ટૂંકનોંધ લખો.
(49) ભારતમાં ૠતુઓનાં સંદર્ભમાં કૃષિ પાકો વિશે ચર્ચા કરો.
(50) ગ્રાહકોની ફરજો કઈ કઈ છે - તેની વિસ્તૃત સમજ આપો.
(51) ‘આખી દુનિયાનો વ્યવહાર ગણિતશાસ્ત્રથી ચાલે છે તેવા પ્રાચીન શાસ્ત્ર વિશે લખો.
(52) આતંકવાદ-વૈશ્વિક સમસ્યા છે. - તે વિશે લખો.
(53) વિશ્વશ્રમ બજાર વિશે નોંધ લખો.
(54) ભારતનાં રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલા નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.
(A) રણ પ્રકારની જમીન (B) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન (C) શેરડી ઉત્પાદન કરતું રાજ્ય - ઉત્તરપ્રદેશ
(D) રાસાયણિક ખાતરનું ઉત્પાદન કરતું કેન્દ્ર

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્ર 2** **કુલ ગુણ: 80**

## વિભાગ A

❖ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : (દરેકનો 1 ગુણ) 24**

- **યોગ્ય જોડકાં જોડો.**

| | **(A)** | **(B)** |
|---|---|---|
| (1) | કાલિદાસ | (A) જૂનાગઢ |
| (2) | ઈલોરાની ગુફાઓ | (B) કૈલાસ મંદિર |
| (3) | નવઘણ કૂવો | (C) જુવાર, બાજરી |
| (4) | રણ પ્રકારની જમીન | (D) HDR |
| (5) | માનવવિકાસ અહેવાલ | (E) કુમાર સંભવ |
| | | (F) GNP |

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

(6) વ્યક્તિના જન્મથી મૃત્યુ સુધીની યાત્રા ધાતુ સાથે જોડાયેલી છે.
(7) મહર્ષિ વાલ્મીકિ સંસ્કૃત ભાષાના મહાન વ્યાકરણ શાસ્ત્રી હતા. (8) ભારત એક ઉદ્યોગપ્રધાન દેશ છે.
(9) શણની નિકાસમાં બાંગ્લાદેશ પછી વિશ્વમાં ભારતનો ક્રમ બીજો છે.
(10) ભારતમાં બેકારીને વ્યક્તિના જીવનના લઘુત્તમ સ્તર તરીકે જોવામાં આવે છે.

- **નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો :**

(11) દાહોદમાં કયો મેળો ભરાય છે ? (12) મહર્ષિ પાણિનીનો મહાનગ્રંથ કયો છે ?
(13) પડખાઉ જમીનનું બીજું નામ શું છે ? (14) ભારતની મધ્યસ્થ બેંક કઈ છે ?

- **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(15) મહર્ષિ પાણિની સંસ્કૃત ભાષાના મહાન ........ હતા. *(ગણિતશાસ્ત્રી, વ્યાકરણશાસ્ત્રી, અર્થશાસ્ત્રી)*
(16) ........ ભારતીય રસાયણશાસ્ત્રના આચાર્ય મનાય છે. *(વિશ્વકર્મા, આર્યભટ્ટ, નાગાર્જુન)*
(17) ........ નું મંદિર પટ્ટદકલનું સૌથી મોટું મંદિર છે. *(વિરૂપાક્ષ, ભૈરવ, કોણાર્ક)*



www.wingofeducation.com

G.N.Salvi(Mo-7801865476) www.wingofeducation.com



(18) જીવનનિર્વાહના માપન માટે માથાદીઠ કુલ ઘરેલું પેદાશને ........ સાથે જોડવામાં આવે છે.
*(માથાદીઠ કુલ રાષ્ટ્રીય આવક, જીવનધોરણ, કુલ ઘરેલું આવક)*

(19) સાંપ્રદાયિક વિચાર પર આધારિત ........ ને માન્યતા આપવી જોઈએ નહિ. *(મંદિરો, રાજકીય પક્ષો, મસ્જિદો)*

- **નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો :**

(20) 'વિશ્વયોગ દિવસ' કઈ તારીખે ઊજવવામાં આવે છે ?
(A) 21 જૂન (B) 1 મે (C) 21 એપ્રિલ (D) 5 સપ્ટેમ્બર

(21) ચાર ધાર પૈકી જગન્નાથ પુરી કયા રાજ્યમાં આવેલા છે ?
(A) પશ્ચિમ બંગાળી (B) ઓડિશા (C) અસમ (D) બિહાર

(22) નીચેનામાંથી કયું કઠોળ રવિ (શિયાળુ) પાક છે ?
(A) અડદ (B) મગ (C) ચણા (D) મઠ

(23) ભારતમાં મુસાફરો માટેના રેલવેના ડબ્બા બનાવવામાં આવે છે ?
(A) વિશાખાપટ્ટનમ્ (B) મુંબઈ (C) કોલકતા (D) માર્માગોવા

(24) વિશ્વમાં સૌથી વધુ બાળમજૂરો કયા દેશમાં છે ?
(A) ચીનમાં (B) ભારતમાં (C) રશિયામાં (D) બ્રાઝિલમાં

## વિભાગ B

- **નીચે આપેલા કુલ તેર પ્રશ્નોમાંથી કોઈપણ નવ પ્રશ્નોના જવાબ લખો : (દરેકના 2 ગુણ) (25 થી 37)** **18**

(25) સંસ્કૃતિના સંદર્ભમાં ભારતનો પરિચય આપો.
(26) ભારતનો ભવ્ય વારસાના ઘડતરમાં કોણે કોણે ભાગ ભજવ્યો છે ?
(27) પ્રાચીન યુગના સંસ્કૃત સાહિત્યનો પરિચય આપો.
(28) વિજય નગરનો કયો સમ્રાટ સાહિત્યનો ઉપાસક હતો ? કેવી રીતે ?
(29) જમીન એટલે શું ?
(30) અભ્યારણ્ય એટલે શું ?
(31) વહિવટી હેતુસર જંગલોના પ્રકાર કેટલા છે ? કયા કયા ?
(32) સંકલ્પના સમજાવો : જળસંસાધન.
(33) ભારતના કૃત્રિમ કાપડ ઉદ્યોગ વિશે નોંધ લખો.
(34) રેલવે એન્જિનના પ્રકારો જણાવી ઉત્પાદનના સ્થળો જણાવો.
(35) ગરીબી રેખાના નીચે જીવતા લોકોનું જીવનધોરણ ઊંચુ લાવવા સરકારે કરેલા પ્રયાસો લખો.
(36) કારણ : નાણાંનો પુરવઠો ભાવ વૃદ્ધિ પર અસર કરે છે.
(37) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કોને કહે છે ?

## વિભાગ C

- **નીચે આપેલા કુલ નવ પ્રશ્નોમાંથી કોઈપણ છ પ્રશ્નોના મુદ્દાસર જવાબો લખો : (દરેકના 3 ગુણ) (38 થી 46)** **18**

(38) કાષ્ઠ કલાનો પરિચય આપો.
(39) ઈલોરાની ગુફાઓ પરિચય આપો.
(40) પરિચય : બૃહદેશ્વર મંદિર
(41) જંગલ વિનાશની અસરો
(42) ભારતના જળસ્રોતો વિશે માહિતી આપો.
(43) ગરીબીરેખા એટલે શું ? ગરીબીનું માપન શી રીતે થાય છે ?
(44) ટૂંકનોંધ : શ્રમશક્તિનું આયોજન
(45) નકસલવાદી આંદોલન - નોંધ લખો.
(46) ભારતીય સમાજની કેટલી જ્ઞાતિ-જાતિઓની આર્થિક સ્થિતિ નબળી કેમ રહી ગઈ ?

## વિભાગ D

- **નીચે આપેલા 47 થી 53 પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો અને પ્રશ્ન-54 નકશો ફરજિયાત છે. (દરેકના 4 ગુણ)** **20**

(47) ધાતુવિદ્યાનો પરિચય આપો.
(48 ટૂંકનોંધ લખો : વાસ્તુશાસ્ત્ર.
(49) કૃષિના પ્રકારો વિશે નોંધ લખો.
(50) ભારતમાં આજે અનાજ સંરક્ષણ શા માટે જરૂરી બન્યું છે ?
(51) ભાવવૃદ્ધિના કારણો
(52) સાંપ્રદાયિકતા દૂર કરવાના ઉપાયો.
(53) મા અન્નપૂર્ણા યોજના ટૂંકમાં સમજાવો.
(54) નકશાપૂર્તિ કરો : (A) પહાડી જમીન (B) નળ સરોવર (C) ચા પકવતો એક પ્રદેશ (D) તાંબુ ગાળણનું એક કેન્દ્ર



www.wingofeducation.com